# એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં

# આંતરરાષ્ટ્રીય યોગ ડે ઉજવણી

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં કોલેજના પ્રશિક્ષણાર્થીઓના સ્વાસ્થ્ય સુખાકારી અર્થે વ્યાયામ-યોગ-ખેલકુદ ધારા અંતર્ગત તા.૧૭/૦૬/૨૦૧૭ થી ૨૦/૦૬/૨૦૧૭ સુધી ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું. યોગ વિશેની સઘન તાલીમ મળી રહે તથા પ્રશિક્ષણાર્થીઓ માનસિક અને શારિરીક રીતે પરિપકવ બને તેવો શુભ આશય આ શિબિરનો હતો.

આ પ્રસંગે કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. ઉષા એસ. શારડાએ સ્વાગતવિધિ સંપન્ન કરતાં શિબિરનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કર્યો હતો. શિબિરના ઉદ્દ્ઘાટક તથા એન.એસ.પટેલ આર્ટર્સ કોલેજના આચાર્ય ડૉ. મોહનભાઈ પટેલસાહેબે શિક્ષણના સ્તરને ઉંચું લાવવામાં શિક્ષકો અને બાળકો માટે યોગનું મહત્વ સમજાવ્યું હતું. સાથે જ યોગ દ્વારા શારિરિક તથા બોદ્ધિક પરિપકવતા કેળવવા પ્રશિક્ષણાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.શિબિરના પરિણામે સ્વસ્થ શિક્ષક સમાજ અને સ્વસ્થ દેશ નિર્માણ પામશે તેની શુભભાવના વ્યકત કરી હતી. શિબિરના કાર્યક્રમ વિશેની માહિતિ વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારાના ઈન્ચાર્જ ડૉ.જ્યકર એસ. મેકવાને આપી હતી.

શિબિર દરમ્યાન શિક્ષક-યોગ-ગુરુ વિનેશભાઈ ભોઈએ અષ્ટાંગ યોગની સમજ આપી. તેમણે ભસ્ત્રિકાસન, કપાલભાતિ, અગ્નિસાર, બાહય પ્રાણાયામ, અનુલોમ-વિલોમ, ભ્રમરાસન, ૐકારનાદ, ધ્યાન વગેરે બાબતોની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક બાબતોની તાલીમ આપી.

સરકારશ્રીના આદેશાનુસાર વન્દે ગુજરાત-૧૨ ચેનલ દ્વારા પ્રસારણ બતાવવામાં આવ્યું. જે અંતર્ગત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું યોગ અંગે વકતવ્ય, યોગ કરવા માટે અપીલ તથા યોગ દ્વારા થતા ફાયદા વિશે માહિતિ આપી હતી. સાથે જ ભકિતયોગ, કર્મયોગ, હઠયોગની ચર્ચા તથા વિવિધ આસનોનું નિદર્શન જોવામાં આવ્યું. તા.૨૧/૦૬/૨૦૧૭ના રોજ આંતરરાષ્ટીય યોગ દિવસની ઉમંગ અને ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી.ત્યારબાદ ડૉ. ઉષા એસ. શારડા તથા પ્રા. સુભાષ.વી. મકવાણા દ્વારા સમસ્ત કોલેજ પરિવારના શૈક્ષણિક, બિનશૈક્ષણિક તથા વિદ્યાર્થીઓને વિવિધ આસનો કરવામાં આવ્યાં.

આ પ્રસંગે પ્રા.એલ.એસ. બલાત, ડૉ. જ્યકર એસ.મેકવાન, ડૉ.જે.જે.દીક્ષિત , પ્રા.એસ.વી. મકવાણા, પ્રા. હિરેનભાઈ શાહ, શ્રી નિલેષભાઈ પરમાર તથા,શ્રી રમેશભાઈ જોષી તથા નોન ટીચિંગ સ્ટાફે ઉત્સાહથી જોડાઈને ઉજવણીને સફળ બનાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને આભારવિધિ વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારાના ઈન્ચાર્જ ડૉ.જ્યકર એસ. મેકવાને કર્યુ હતું.

N.H. PATEL COLLEGE OF EDUCATION
ANAND















